PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૪/કવા–૦૨/૧૭–૧૮/ 10517 તા. 19-12-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રણમલભાઈ મેરામણભાઈ,
ગામ: લાલુકા
તા. જામખંભાળીયા
જી. દેવભુમી દ્વારકા
મો: ૯૬૦૧૯ ૬૯૪૦૦

વિષય :–ખેતીવાડી વીજજોડાણ મા વીજભાર વધારા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૦૯–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૦૪/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર દ્વારા પોતાના હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૯૧/૦૦૧૩૨/૭ ( ૦૫ હોપા) માં ૨.૫ હોપા નો વીજભાર વધારો તા.૩૦–૧૨–૧૫ ના રોજ ની અરજી કરેલ હતી. જે અન્વયે જરૂરી ભાવપત્રક અને ટેસ્ટ રીપોર્ટ તા.૦૨–૦૬–૧૬ થી ભરપાઈ કરી આપેલ હતુ. જેની વીજભાર વધારા ની મંજુરી થતા સદર અરજદાર ના માહે ફેબ્રુઆરી–૧૭ ના વીજબીલ થી વીજભાર વધારા મુજબ ના ચાર્જીસ વસુલાતા – અરજદારે ઉપરોકત ફરીયાદ કરેલ છે. જે અન્વયે – સબંધક પીજીવીસીએલ ની કચેરી દ્વારા ઠેકેદાર ને કામગીરી સોપાતા – સદર કામગીરી મા બાજુવાળા શેઢા પડોશી વલ્લભભાઈ વજશી ગાગીયા એ વાંધો લેતા કામગીરી સ્થગીત કરેલ.જે અંગે સમાધાન ન થતા, સદર વાંધા વાળી બાબત ની રજુઆત – સબડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી ખંભાળીયા સમક્ષ તા.૧૬–૧૧–૧૭ થી કરાયેલ છે. નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અરજદાર તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે,સદર વાંધા વાળી બાબત ની રજુઆત – સબડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી ખંભાળીયા સમક્ષ તા.૧૬–૧૧–૧૭ થી કરાયેલ છે – જે હાલ મા પડતર હોય – નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી અરજદાર તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૦૪/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૨–૧૨–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: રણમલભાઈ મેરામણભાઈ, ગામ: લાલુકા**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

**રજુઆત કરનાર :એચ.એસ.કન્ડોલીયા – નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, જામ ખંભાળીયા**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી વીજજોડાણ મા વીજભાર વધારા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૯૧/૦૦૧૩૨/૭ મા વીજભાર વધારો કરવા માટે સબંધક પેટા વિભાગીય કચેરી મા અરજી કરતા, ભાવપત્રક તા.૩૦–૦૫–૧૬ મુજબ – જરૂરી રકમ તથા ટેસ્ટ રીપોર્ટ તા.૦૨–૦૬–૧૬ ના રોજ ભરપાઈ કરી આપેલ છે. તેમ છતા, આશરે ૧૪ માસ થી વધુ સમય થયા બાદ પણ – અમારા હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૯૧/૦૦૧૩૨/૭ મા વીજભાર વધારો કરવા માટે ની કાર્યવાહી કરાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – શ્રી રણમલભાઈ મેરામણભાઈ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૯૧/૦૦૧૩૨/૭ ( ૦૫ હોપા) નુ ધરાવે છે. સદર જોડાણ મા અરજદાર દ્વારા તા.૩૦–૧૨–૧૫ ના રોજ ૨.૫ હોપા નો વીજભાર વધારો કરવા માટે અરજી કરેલ હતી. જે અન્વયે – અરજદાર દ્વારા તા.૦૨–૦૬–૧૬ થી રૂ.૧૨૫૩/– નુ ભાવપત્રક ની રકમ ભરપાઈ કરી આપેલ હતુ. તેમજ, ટેસ્ટ રીપોર્ટ રૂ.૨૦/– રસીદ નં. તા.૦૨–૦૬–૧૬ થી ભરપાઈ થયેલ છે. જેની વીજભાર વધારા ની મંજુરી થતા સદર અરજદાર ના માહે ફેબ્રુઆરી–૧૭ ના વીજબીલ થી વીજભાર વધારા મુજબ ના ચાર્જીસ વસુલાતા – અરજદારે ઉપરોકત ફરીયાદ કરેલ છે. જે સબબ પીજીવીસીએલ દ્વારા વીજભાર વધારો કરવા માટે અલગ થી ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની કામગીરી ન થતા – ઉપરોકત ફરીયાદ કરાયેલ છે. જે અનુસંધાને સબંધક પીજીવીસીએલ દ્વારા જરૂરી વીજ કામગીરી કરવા માટે તા.૦૪–૧૦–૧૭ ના રોજ ઠેકેદાર ને કામ કરવા માટે મોકલેલ તે મુજબ – કામગીરી શરૂ કરાતા જયાથી વીજલાઈન ટેપીંગ કરવા પાત્ર છે, તે જગ્યાએ અરજદાર શ્રી ના પડોશી શ્રી વલ્લભભાઈ વજશી ગાગીયા એ વાંધો લેતા કામગીરી સ્થગીત કરેલ. ત્યારબાદ, ફરીથી તા.૧૫–૧૧–૧૭ ના રોજ ઠેકેદાર ને વિવાદીત સ્થળ પર વીજ કામગીરી કરાતા – સદર પડોશીએ વાંધો લેતા ફરીથી કામગીરી સ્થગીત કરેલ. આમ, સદર વાંધા વાળી બાબત ની રજુઆત – સબડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી ખંભાળીયા સમક્ષ તા.૧૬–૧૧–૧૭ થી કરાયેલ. આમ, સદર બાબત – અંગે જરૂરી નિર્ણય આવ્યે આગળ ની કાર્યવાહી હાથ ધરવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |